# વિદ્યાસહાયક ભરતી (ધોરણ ૬ થી ૮ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૪ ના ઉમેદવારો માટે અગત્યની સુચના

- નામ. વડી અદાલતમાં સ્પે.સિ.એ.નં. ૮૧૭૯/૨૦૨૫ અને સંલગ્ન પીટીશનમાં નામ વડી અદાલતના તા.૨૪/૦૭/૨૦૨૫ ના ઓરલ ઓર્ડર અન્વયે જ્ઞાન સહાયક કે અન્ય ચાલુ નોકરી દરમિયાન નિયમિત અભ્યાસથી મેળવેલ લાયકાતના ગુણ દૂર કરવાની સ્વેચ્છાએ સમંતિ આપેલ ઉમેદવારોને કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર એક વખત રૂબરૂ સાંભળવા માટે તક આપવા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા એક સમિતિની રચના કરવામાં આવેલ છે. જ્ઞાન સહાયક કે અન્ય ચાલુ નોકરી દરમિયાન નિયમિત અભ્યાસથી મેળવેલ લાયકાતના ગુણ દૂર કરવાની સ્વેચ્છાએ સમંતિ આપેલ ઉમેદવારો અને નામ. હાઇકોર્ટના આદેશ મુજબના અન્ય પીટીશનર ઉમેદવારોને કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર એક વખત રૂબરૂ સાંભળવા માટે તક આપવા તા. ૧૩/૦૮/૨૫ થી તા. ૨૧/૦૮/૨૫ દરમ્યાન ઉમેદવારોને રૂબરૂ સુનાવણી માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવેલ હતું જે રૂબરૂ સુનાવણીની પ્રક્રિયા હાલમાં ચાલુ છે.
- રૂબરૂ સુનાવણી દરમિયાન સમિતિ સમક્ષ કેટલાક ઉમેદવારો દ્વારા અન્ય કેટલાક ઉમેદવારો કે જેઓ જ્ઞાનસહાયક કે અન્ય ચાલુ નોકરી દરમ્યાન નિયમિત અભ્યાસ કરેલ છે અને તેઓએ આ બાબત જાહેર કરેલ નથી તેઓની પણ સુનાવણી કરવા સૂચન કરેલ હતું. આ ઉપરાંત આ મુજબના કેટલાક ઉમેદવારો દ્વારા સ્વયં પણ સુનાવણી માટે રજૂઆત કરવામાં આવેલ છે જે ધ્યાને રાખી નામ. વડી અદાલતમાં સ્પે.સિ.એ.નં. ૮૧૭૯/૨૦૨૫ અને સંલગ્ન પીટીશનમાં નામ વડી અદાલતના તા.૨૪/૦૭/૨૦૨૫ ના ઓરલ ઓર્ડર અન્વયે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા રચવામાં આવેલ સમિતિની સંમતિથી આ મુજબના ઉમેદવારો કે જેઓએ જ્ઞાનસહાયક કે અન્ય ચાલુ નોકરી દરમ્યાન નિયમિત અભ્યાસ કરેલ હોય અને તેઓએ સમિતિને જાણ કરેલ નથી તેઓને પણ રૂબરૂ સુનાવણી માટે તક આપવાનું નક્કી કરેલ છે.
- જે ઉમેદવારોને તા. ૧૩/૦૮/૨૫ થી તા. ૨૧/૦૮/૨૫ દરમ્યાન રૂબરૂ સુનાવણી માટે બોલાવેલ છે **તે સિવાયના** ઉમેદવારો કે **જેઓએ જ્ઞાનસહાયક કે અન્ય ચાલુ નોકરી દરમિયાન નિયમિત અભ્યાસથી લાયકાત મેળવેલ હોય** તેવા જે તે જિલ્લાના ધોરણ-૬ થી ૮ ના વિદ્યાસહાયક ભરતીના

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર

ઉમેદવારોએ નીચે જણાવેલ સમયપત્રક અને સામેલ યાદી મુજબના જરૂરી આધાર-પુરાવા સાથે સમિતિ સમક્ષ સ્વેચ્છાએ રૂબરૂ ઉપસ્થિત રહી શકશે.

| **જિલ્લાનું નામ** | **રૂબરૂ ઉપસ્થિત રહેવા માટેની તારીખ** |
|---|---|
| સાબરકાંઠા, જૂનાગઢ, પોરબંદર, મહેસાણા, પાટણ, ભાવનગર, જામનગર, અમરેલી | તા. ૨૨/૦૮/૨૫ સમય ૧૧.00 કલાકે |
| અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ | તા. ૨૨/૦૮/૨૫ સમય ૧૩.30 કલાકે |
| કચ્છ, ભરૂચ, નર્મદા, વલસાડ, નવસારી, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, ગાંધીનગર | તા. ૨૩/૦૮/૨૫ સમય ૧૧.00 કલાકે |
| ડાંગ, તાપી, બોટાદ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, મોરબી, અરવલ્લી, મહિસાગર, છોટા ઉદેપુર | તા. ૨૩/૦૮/૨૫ સમય ૧૩.30 કલાકે |

**તા.૧૯/૦૮/૨૦૨૫** **ગુ.રા.પ્રા.શિ.પ.સમિતિ, ગાંધીનગર**

**સ્થળ:- ગાંધીનગર**

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર

## રજૂ કરવાના થતા પુરાવાઓની યાદી

### લાયકાત સંદર્ભે પુરાવા

- ચાલુ નોકરીએ મેળવેલ લાયકાતના પ્રવેશના આધાર-પુરાવા (પ્રવેશના વર્ષ સહિત)
- ચાલુ નોકરીએ મેળવેલ લાયકાત કયા મોડથી મેળવેલ છે તેનું યુનિવર્સિટી દ્વારા અપાયેલ પ્રમાણપત્ર (જેમ કે નિયમિત અભ્યાસ, ડિસ્ટન્સ મોડ, એક્સટર્નલ મોડ વગેરે)
- જ્ઞાન સહાયક કે અન્ય નોકરી સાથે મેળવેલ લાયકાતના તમામ વર્ષ/સેમેસ્ટરના હાજરી પત્રકની પ્રમાણિત નકલ
- જ્ઞાન સહાયક કે અન્ય નોકરી સાથે મેળવેલ લાયકાતના તમામ વર્ષ/સેમેસ્ટરની પરીક્ષકની સહીવાળી હોલટીકીટની નકલ.
- ચાલુ નોકરીએ મેળવેલ લાયકાતના સમયગાળાના આધાર-પુરાવા કે જેમાં તારીખ અને સમય સાથેની વિગતો (સંસ્થા/કોલેજ દ્વારા અપાયેલ).
- ચાલુ નોકરીએ મેળવેલ લાયકાતના જે સંસ્થા/કોલેજમાંથી મેળવેલ છે તે લાયકાત માટેના અભ્યાસનો સંસ્થા/કોલેજના સમય અંગે યુનિવર્સિટીનું પ્રમાણપત્ર અને સંસ્થાના વડા દ્વારા પ્રમાણિત થયેલ તમામ વર્ષ/સેમેસ્ટરના સમયપત્રકની નકલ
- જ્ઞાન સહાયક કે અન્ય નોકરીએ મેળવેલ લાયકાત દરમ્યાન યુજીસીના ધારાધોરણ મુજબની હાજરી અને અન્ય જરૂરિયાતો પરિપૂર્ણ થાય છે તે મુજબનું સંસ્થાનું પ્રમાણપત્ર
- ચાલુ નોકરીએ મેળવેલ લાયકાતના નિયમિત અભ્યાસ કરવા માટે મેળવેલ મંજૂરીની નકલ (દા.ત. જ્ઞાન સહાયક માટે શાળા વ્યવસ્થાપન સમિતિ કે અન્ય સક્ષમ કક્ષાએ આપેલ મંજૂરીની નકલ)
- જ્ઞાન સહાયક તરીકે નોકરી કરેલ હોય તેવા કિસ્સામાં ચાલુ નોકરીએ નિયમિત અભ્યાસ કરવા માટે આપેલ મંજૂરી માટે શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) કે અન્ય સક્ષમ કક્ષાએ કરેલ ઠરાવની નકલ
- અન્ય કોઇ આધાર-પુરાવા કે જે ઉમેદવાર રજૂ કરવા ઇચ્છે તે

### નોકરી સંદર્ભે પુરાવા

- જ્ઞાન સહાયક કે અન્ય નોકરીમાં જોડાવા માટે થયેલ હુકમની નકલ
- જ્ઞાન સહાયક કે અન્ય નોકરીમાં કેટલો સમયગાળા દરમિયાન નોકરી કરેલ છે તેના આધાર-પુરાવા કે જેમાં તારીખ અને સમય સાથેની વિગતો (નોકરી કરેલ સંસ્થા દ્વારા અપાયેલ)
- જ્ઞાન સહાયક કે અન્ય નોકરી કરેલ હોય તે સંસ્થા/શાળાના હાજરી પત્રકની પ્રમાણિત નકલ
- જ્ઞાન સહાયક કે અન્ય નોકરી દરમિયાન મેળવેલ પગારની વિગતો (પગાર પત્રકનો ઉતારો/પે સ્લીપ)
- જ્ઞાન સહાયક કે અન્ય નોકરી દરમિયાન ભોગવેલ રજાઓ સંબંધે સંસ્થા/શાળા દ્વારા અપાયેલ પ્રમાણપત્ર
- જ્ઞાન સહાયક કે અન્ય નોકરીના સમય અંગેનું સંસ્થાના વડા દ્વારા અપાયેલ પ્રમાણપત્ર
- જ્ઞાન સહાયક કે અન્ય નોકરીમાંથી રાજીનામુ આપેલ હોય તો તેની નકલ અથવા કરાર/નોકરી સમાપ્તિના આધારોની વિગત
- અન્ય કોઇ આધાર-પુરાવા કે જે ઉમેદવાર રજૂ કરવા ઇચ્છે તે

**(નોંધ : ઉક્ત તમામ આધાર પુરાવાઓની એક ઝેરોક્ષ સ્વ-પ્રમાણિત નકલ ઉમેદવારે અલગથી રાખવાની રહેશે.)**

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર